## સંગ્રામ ગુજરાતનો

# વિકસિત ગુજરાત નરેન્દ્ર-ભુપેન્દ્ર નહિ, પણ ગુજરાતીઓ જ બનાવશે:મોદી





વડોદરા, તા.૨૩

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપનું કમળ ખીલવવા પ્રધાનમંત્રી ગુજરાતના દરેક ખૂણે ફરી વળ્યાં છે. ત્યાં આજે તેઓ ગુજરાતમાં ઉપરાઉપરી સભા સંબોધન કરી રહ્યાં છે. મહેસાણા, દાહોદ બાદ તેઓ વડોદરા પહોંચ્યા છે. વડોદરા શહેર જિલ્લાની કુલ ૧૦ બેઠકો છે. આ જનસભાથી તેઓ ૧૦ બેઠકો પર ભાજપનો ભવ્ય પ્રચાર કરશે.

નવલખી મેદાનમાં યોજાયેલી સભામાં મોટી સંખ્યામાં ભાજપ કાર્યકરો, સમર્થકો અને લોકો હાજર રહ્યાં છે. કેમ છો વડોદરાથી તેમણે સંબોધનની શરૂઆત કરી હતી. તેમણે આગળ કહ્યું કે, વડોદરા આપણી સાંસ્કૃતિનગરી, શિક્ષણની નગરી અમારા સાથીઓને આર્શીવાદ આપવા આવી છે. આ વખતે ગુજરાતની ચૂંટણી જનતા જનાર્દન લડી રહી છે. કોઈ સરકારને ફરી બેસાડવા આટલો ઉમંગ ઉત્સાહ હોય તે અતૂટ વિશ્વાસ છે. આપણો સંકલ્પ છે કે ગુજરાત દુનિયાના સમૃદ્ધ દેશોની બરાબરીનું હોવુ જોઈએ, વિશ્વના સમૃદ્ધ દેશોના માપદંડમાં ગુજરાત પાછળ ન હોય તેવુ વિકસિત ગુજરાત જોઈએ. પરંતુ આ ગુજરાત કોણ બનાવે. નરેન્દ્ર પણ નહિ અને ભુપેન્દ્ર પણ નહિ. આ વિકસિત ગુજરાત નાગરિકો બનાવશે. તમારા વોટની એક તાકાત, સામ્યર્થ વિકસિત ગુજરાત બનાવશે. આપણે અમૃતકાળમાં છીએ. ૨૫ વર્ષ આપણા જીવનના મહત્વના હોય, તેમ દેશના જીવન માટે આગામી ૨૫ વર્ષ મહત્વના બની રહેશે.દાહોદમાં વિશાળ જનમેદનીને સંબોધતા તેમણે કહ્યું કે, દાહોદે હું જેટલીવાર આવ્યો એટલીવાર જૂના રેકોર્ડ તોડ્યા. જીવનના પ્રારંભિક વર્ષોમાં સાયકલ પર ફરીને જેવો પ્રેમ મળતો, આજે પણ એવો જ આર્શીવાદ મળી રહ્યાં છે. કોંગ્રેસના લોકોને ક્યારેય કોઈ આદિવાસીને રાષ્ટ્રપતિ બનાવવાનો વિચાર ન આવ્યો.

ભાજપે પહેલીવાર દેશને આદિવાસી રાષ્ટ્રપતિ આપ્યા, તેમાં પણ મહિલા રાષ્ટ્રપતિ આપી દુનિયાને સંદેશ આપ્યો. જ્યારે ભાજપે એક આદિવાસી બહેનને રાષ્ટ્રપતિના ઉમેદવાર બનાવ્યા, તો તેમને ટેકો આપવામાં તમારા પેટમાં શુ દુખતુ હતું. આદિવાસી ઉમેદવારને હરાવવા એમણે આકાશપાતાળ એક કર્યા. પરંતુ આ પુણ્ય કામ કરવાનો અવસર ભાજપને મળ્યો. કોંગ્રેસ પોતે કરે નહિ, અને બીજાને કરવા દે નહિ, કોઈ કરવા જાય તો આડા ઉતરે. ભાજપના સિદ્ધાંત અને સંસ્કાર સર્વાંગી વિકાસને વળેલા છે. સર્વહિતને લઈને કામ કરે છે. આજે ગુજરાત તેજ ગતિથી આગળ વધી રહ્યું છે. ત્યારે મોડી સાંજે વડાપ્રધાને ભાવનગરમાં જંગી જાહેરસભાને સંબોધી હતી. જયાં ભાવનગર સાથેના સંસ્મરણો તાજા કર્યા હતા.

# કોંગ્રેસ પક્ષની ખેડૂત વિરોધી માનસિકતા છે : અમીત શાહ

### કેન્દ્રીય ગૃહમંત્રીએ રાજકોટના જસદણ ખાતે જાહેરસભા યોજી

જસદણ, તા.૨૩

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપના સ્ટાર પ્રચારકો રાજ્યમાં સભાઓ ગજવી રહ્યા છે. ત્યારે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ રાજકોટના જસદણ ખાતે જાહેરસભા યોજી રહ્યા છે. કુંવરજી બાવળિયા માટે અમિત શાહ સભા સંબોધી રહ્યા છે.

અમિત શાહે જસદણમાં જણાવ્યું હતું કે, મારા જીગરના ટુકડા જેવા યુવા મિત્રો...જસદણ સભાની સીટ નથી જસદણ કુંવરજીભાઈના કામની સીટ છે. કુંવરજીભાઈ વિધાનસભામાં પ્રશ્નો રજૂ કરતા ત્યારે કહ્યું આ કુંવરજીભાઈ કોંગ્રેસમાં ખોટા છે, આ મટીરીયલ ભાજપનું છે. અમિત શાહે કોંગ્રેસ પર પ્રહારો કરતા જણાવ્યું હતું કે, અનેક વર્ષો સુધી કોંગ્રેસીયાઓએ સાસન કર્યું. રાજકોટની ધરતી પર છું, મેં જોયું છે કે રાજકોટમાં બે બે ફૂટ ખાડામાંથી પાણી ભરવું પડતું હતું. ભાજપે સૌરાષ્ટ્રની પાણીની સમસ્યા દૂર કરી.



અમિત શાહે જણાવ્યું કે, કોંગ્રેસના વડાપ્રધાન જવાહરલાલ નહેરુએ નર્મદા ડેમનું ઓપનિંગ કર્યું હતું. હવે અહીં સુધી પાણી પહોંચ્યું. કોંગ્રેસીયાઓને પૂછવા માંગુ છું કે, સૌરાષ્ટ્રમાં પાણી આટલા સમય કેમ ન પહોંચ્યું? તેની પાછળ કોણ જવાબદાર છે? નર્મદા યોજનાને કોંગ્રેસે રોકી. પરંતુ નરેન્દ્રભાઈએ આમરણ ઉપવાસ પર ઉતરવું પડ્યું હતું અને મનમોહનસિંહ સરકારે ઝુકવું પડ્યું હતું.

મેઘા પટકર મુદ્દે અમિત શાહે જણાવ્યું હતું કે, ગુજરાત ચૂંટણી સમયે જ રાહુલ બાબા મેઘા પાટકરને ભારત જોડો યાત્રામાં સાથે લઈને નિકળ્યા છે. ગુજરાતની જનતાના ઘા પર મીઠું ભભરાવ્યુ છે. અરવિંદ કેજરીવાલે તો આ ગુજરાત વિરોધી મેઘા પાટકરને ૨૦૧૪માં ઝાડુના નિશાન પર ટીકીટ આપી હતી. જોકે કેજરીવાલ એટલા સમજુ કે ગુજરાત ચૂંટણીમાં તેને સાથે પણ ન રાખ્યા.

અમિત શાહે કોંગ્રેસને ખેડૂત વિરોધી ગણાવીને પ્રહારો કર્યા હતા કે, કોંગ્રેસના સમયમાં ખેડૂત ૮ કિલોમીટર પછી જમીન ન લઈ શકે તેવો કાયદો હતો. ગામડામાં ૮ કલાક વીજળી આપવાનું કામ નરેન્દ્રભાઈએ કર્યું. કોંગ્રેસના સમયમાં તો ફ્રિજમાં દવા રાખવાની હોય પણ ૧૦ કલાક લાઈટ ન આવે તો દવા પણ ફેઈલ થઈ જતી. અમિત શાહે જણાવ્યું હતું કે, ૧૯૯૫ સુધી ગુજરાતમાં દાદાઓ અને ગુંડાઓનું રાજ હતું.

### પક્ષો જીતવા એડીચોટીનું જોર લગાવે છે

# કાંકરેજમાં ભાજપનાં ૨૦ કાર્યકરો કોંગ્રેસમાં જોડાયા

### ભાજપના કાર્યકર્તાઓએ જગદીશ ઠાકોરના હસ્તે ખેસ પહેરી કોંગ્રેસનો હાથ પકડ્યો હતો

બનાસકાંઠા, તા.૨૩

કાંકરેજ વિધાનસભા બેઠક પરથી કોંગ્રેસમાંથી ચૂંટણી લડી રહેલા અમૃત ઠાકોરના સમર્થનમાં તેમના મોટાભાઈ અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષ જગદીશ ઠાકોરે જંગી જાહેર સભાને સંબોધી ભાજપ પર આકરા પ્રહારો કરી તેમના ભાઈ અમૃત ઠાકોરને જીતાડવા અપીલ કરી છે. આ સાથે આજે કાંકરેજના થરામાં પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ જગદીશ ઠાકોરની સભામાં ભાજપના ૨૦ જેટલા કાર્યકરો કોંગ્રેસમાં જોડાયા હતા. ભાજપના કાર્યકર્તાઓએ જગદીશ ઠાકોરના હસ્તે કોંગ્રેસનો ખેસ પહેરી કોંગ્રેસનો હાથ પકડ્યો હતો. ઠેર ઠેર પ્રદેશના નેતાઓ જનસભા કરી રહ્યા છે. ત્યારે બનાસકાંઠાના કાંકરેજ વિધાનસભા બેઠક પરથી મંત્રી કિર્તીસિંહ વાઘેલા સામે કોંગ્રેસમાંથી ચૂંટણી લડી રહેલા પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ જગદીશ ઠાકોરના નાનાભાઈ અમૃત ઠાકોરના સમર્થનમાં પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ જગદીશ ઠાકોર કાંકરેજ પહોંચ્યા અને કાંકરેજ ખાતે તૈયાર થયેલા મધ્યસ્થ કાર્યાલયને ખુલ્લું મૂક્યું હતુ. વિધાનસભાની ચૂંટણીઓને આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે બનાસકાંઠા જિલ્લામાં ભાજપ અને કોંગ્રેસ સીટો જીતવા એડીચોટીનું જોર લગાવી રહી છે.

તે બાદ બાઈક રેલી યોજી સભા સ્થળે પહોંચ્યા અને મંત્રી કિર્તીસિંહ વાઘેલાના ગઢમાં જ જનસભા સંબોધી ત્યારે સભામાં પહોંચેલી જન્મદિનનીને સંબોધતા જગદીશ ઠાકોરે ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કોંગ્રેસે કરેલા કામો પણ ગણાવ્યા અને આગામી વિધાનસભાની ચૂંટણીમાં કાંકરેજથી તેમના નાના ભાઈ અમૃત ઠાકોરને જંગી બહુમતીથી જીતાડવા લોકોને હાકલ કરી છે.

### ભાજપના ગઢ સુરતમાં આમ આદમી પાર્ટી પણ ચર્ચામાં

# સુરતની ચૂંટણીમાં કરો યા મરોનો જંગ

### સુરતની વરાછા રોડ, કતારગામ, કરંજ બેઠક ખાસ્સી ચર્ચામાં

અમદાવાદ, તા.૨૩

અમદાવાદ પછી ગુજરાતમાં સૌથી વધુ વિધાનસભા બેઠકો સુરતમાં છે. સુરત પાછલા ત્રણ દાયકાઓથી ભાજપનો ગઢ રહ્યો છે. પરંતુ આ વર્ષે પાછલા કેટલાક સમયમાં આમ આદમી પાર્ટી જે રીતે પ્રચારના મેદાનમાં ઉતરી છે તે જોતા તે ગાબડું પાડશે તેવી સંભાવનાઓને નકારી શકાય નહીં. અહીં ફેબ્રુઆરી ૨૦૨૧માં યોજાયેલી કોર્પોરેશનની ચૂંટણીમાં આપે કરેલી મહેનતનું ફળ મળ્યું હતું અને અપક્ષમાં બેસવા મળ્યું હતું. તેને જોતા વિધાનસભામાં કોઈ કચાસ ના રહી જાય તેનું ધ્યાન ભાજપ દ્વારા પણ રખાયું છે. આ માટે ઘણાં નેતાઓને મતદારો નિરાશ ના થાય તે માટે રિપીટ પણ કરવામાં આવ્યા છે. જે પ્રકારનો પ્રચારનો ધમધમાટ છે તે જોતા આપ માટે પણ આ જંગ આસાન લાગતી નથી.

આપ સુરતમાં સખત મહેનત કરી રહી છે અને તે સભાઓ તથા ડોર-ટૂ-ડોર પ્રચારમાં જોવા મળી રહી છે. સુરતમાં આપની ત્રણ બેઠકો પર રસાકસી જોવા મળી શકે છે, જેમાં વરાછા રોડ, કતારગામ અને કરંજ બેઠકનો સમાવેશ થાય છે. વરાછા રોડથી ભાજપના પૂર્વ મંત્રી કિશોર કાનાણી અને કતારગામથી વીનુ મોરડિયાને ઉતાર્યા છે, જ્યારે આપે અહીંથી અલ્પેશ કથિરિયા અને ગોપાલ ઈટાલિયાને ઉતાર્યા છે. જો સુરતમાં બેઠકો ઘટે છે તો ભાજપના પ્રદેશ અધ્યક્ષ સીઆર પાટીલ, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી અને દર્શના જરદોશના કદ પર અસર પડશે. જ્યારે આપના હેવીવેઈટ નેતા ગોપાલ ઈટાલિયા, મનોજ સોરઠીયા અને અલ્પેશ કથિરિયા સફળ ના થયા તો તેમનું કદ પણ વેતરાઈ શકે છે.

સુરતનો ચૂંટણી મિજાજ તથા લોકોનો મત જાણવા માટે અમારી ટીમ મેદાનમાં છે, આવામાં અહીં વરાછા રોડ અને કતારગામ બેઠકોની ચર્ચા વધારે થઈ રહી છે. કોંગ્રેસ કરતા અહીં ભાજપ અને આપની ચર્ચા વધારે થઈ રહી છે. તેમાં પણ એવું માનવામાં આવે છે કે અલ્પેશ કથિરિયા જે રીતે પ્રચાર કરી રહ્યા છે તેની અસર સૌરાષ્ટ્રમાં પણ જોવા મળશે. સુરતમાં વિધાનસભાની ૧૨ બેઠકો આવે છે, જેમાં પાછલી ચૂંટણીમાં ભાજપે તમામ ૧૨ બેઠકો પર કબજો કર્યો હતો. પાટીદાર આંદોલન છતાં સુરતમાં જે રીતે ભાજપે પ્રદર્શન કર્યું તેણે સૌ કોઈને ચોંકાવી દીધા હતા. જ્યારે આ વર્ષે પાર્ટીએ ૧૫૦થી વધુ બેઠક જીતવાનું લક્ષ્ય બનાવ્યું છે ત્યારે સુરતની ત્રણથી ચાર બેઠકો પર સૌ કોઈની નજર છે. અલ્પેશ કથિરિયાની સાથે ગોપાલ ઈટાલિયાની પણ અહીં ઘણી ચર્ચાઓ થઈ રહી છે. સટ્ટા બજારમાં પણ વરાછા રોડ અને કતારગામ બેઠકને ગરમ માનવામાં આવી રહી છે. ભાજપનો સુરતનો ગઢ પાટીદાર આંદોલન વખતે પણ સહીસલામત રહ્યો હતો, પરંતુ આ વખતની ચૂંટણીમાં આપ મજબૂત ટક્કર આપી રહી છે. કોર્પોરેશનની ચૂંટણીમાં કમાલ કર્યા બાદ આપના કાર્યકર્તાઓ અને નેતાઓ જુસ્સામાં છે. કોંગ્રેસને પણ અહીં ફાંફા પડ્યા છે. કોંગ્રેસે છેલ્લે ૧૯૮૪માં અંતિમ વખત લોકસભાની બેઠક જીતી હતી. સીડી પટેલ અહીં જીત્યા હતા. આ પછી ૧૯૮૪માં કાશીરામ રાણા જીત્યા હતા અનેતેઓ ૬ વખત આ બેઠક પર જીતતા રહ્યા હતા. જે પછી ૨૦૦૯માં દર્શના જરદોશ અહીંથી સાંસદ તરીકે ચૂંટાતા રહ્યા છે.

### મતદાનના દિવસે લેવાયો મોટો નિર્ણય

# ભાવનગરમાં મતદાન માટે ૫૦થી યુનિટ રજા આપશે

### મતદાન માટે કર્મચારીઓને ૨ કલાકની રજા મળશે : ઔદ્યોગિક યુનિટોનો નિર્ણય

ભાવનગર, તા.૨૩

ગુજરાત વિધાનસભાની ચૂંટણીની તારીખો જાહેર થઈ ગઈ છે ત્યારે ભાવનગરમાં કર્મચારીઓને મતદાન માટે ૨ કલાકની રજા આપવાનો નિર્ણય લેવાયો છે. ભાવનગરમાં મતદાન કરવા માટે અનેક ઔધોગિક યુનિટોએ કર્મચારીઓ માટે રજા જાહેર કરી છે. જેમાં ૧ લી ડિસેમ્બરે મતદાન કરવા ૫૦ થી વધુ મોટા યુનિટ રજા આપશે. જ્યારે પશ્ચિમ વિધાનસભા વિસ્તારમાં આવેલા વરતેજ અને ચિત્રા ફ્રૈક્ષ્ના કારખાનેદારો રજા આપશે. કર્મચારીઓ રજા દરમ્યાન પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. ભાવનગરમાં મતદાન માટે કર્મચારીઓને ૨ કલાકની રજા મળશે. અનેક ઔદ્યોગિક યુનિટોએ મતદાન માટે મોટો નિર્ણય કર્યો છે. ૧ ડિસેમ્બરે મતદાન કરવા ૫૦થી વધુ મોટા યુનિટ રજા આપશે. જેમાં વરતેજ અને ચિત્રા ૈંડ્ઢઝના કારખાનેદારો રજા આપશે. કર્મચારીઓ રજા દરમિયાન પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે.

અમદાવાદના ૨ લાખ કર્મચારીઓને મતદાન માટે રજા આપવામાં આવશે. ૧૫ હજાર નાની-મોટી ઈન્ડસ્ટ્રીઝ પોતાના કર્મચારીઓને આ દિવસે મતદાન માટે રજા આપશે. જ્યારે કેટલીક ઈન્ડસ્ટ્રીઝમાં ૨ કલાક માટે પણ મતદાન માટે કર્મચારીઓને રજા અપાશે. શહેરની નરોડા, વટવા, નારોલ અને કઠવાડા ૈંડ્ઢઝ વિસ્તારમાં કર્મચારીઓને મતદાન દિવસે મતદાન માટે રજા અપાશે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીની તારીખો જાહેર થઈ ગઈ છે. તારીખ ૧ અને ૫ ડિસેમ્બરના રોજ બે તબક્કામાં મતદાન યોજાશે. જેનું ૮ ડિસેમ્બરે પરિણામ આવશે.

### ચૂંટણી સમયે રોકડનો કાળો કારોબાર ઝડપાયો

# ૭૫ લાખ રોકડા મળ્યા, રાજકીય પાર્ટીના હોવા અંગેનું અનુમાન

### સુરતની મહીધરપુરા પોલીસ દ્વારા બે ઇનોવા કાર ડીટેઇન જેમાં તપાસ કરતા ૭૫ લાખ રૂપિયાની કેશ મળી આવી

અમદાવાદ, તા.૨૩

ગુજરાત વિધાનસભાની ચૂંટણીનો માહોલ જામી રહ્યો છે અને બીજી બાજુ રૂપિયાની હેરાફેરીનો કેસ વધી રહ્યા છે. સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે સુરત મહીધરપુરા પોલીસ દ્વારા બે ઈનોવા કાર ડીટેઈન કરવામાં આવી છે. જેમાં ૭૫ લાખની કેસ મળી આવી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં આ રોકડ રકમનો કોંગ્રેસ પાર્ટી સાથે કનેક્શન હોવાનું તારણ સામે આવ્યું છે.



મહત્વનું છે કે, સુરતની મહીધરપુરા પોલીસ દ્વારા બે ઈનોવા કાર ડીટેઈન કરવામાં આવી હતી. જેમાં તપાસ કરતા ૭૫ લાખ રૂપિયાની કેશ મળી આવી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં આ રોકડ રકમનું કોંગ્રેસ પાર્ટી સાથે કનેક્શન હોવાનું પોલીસ માની રહી છે. આ સિવાય મહારાષ્ટ્ર પાસિંગની કારમાંથી લાખોની રોકડ મળી છે. સૂત્રો જણાવી રહ્યા છે કે રોકડ રકમનું કોંગ્રેસ સાથે કનેક્શન હોઈ શકે છે, કારણ કે કારમાંથી કોંગ્રેસની પત્રિકાઓ મળી આવી છે. એટલું જ નહીં, રાહુલ ગાંધીની સભામાં ફૈં કાર પાર્કિંગના પાસ પણ મળ્યાં છે. મહિધરપુરા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આ ઘટના વિશે મળતી માહિતી પ્રમાણે, મુંબઈ પાસિંગની કારમાં રૂપિયા લઈને આવેલા બે વ્યક્તિની હાલ પોલીસ દ્વારા પૂછપરછ કરવામાં આવી રહી છે. બંને વ્યક્તિમાં એક રાજસ્થાન અને એક વ્યક્તિ રાંદેરનો રહેવાસી છે. પ્રાથમિક તપાસમાં આ રોકડ રકમ રાજકીય પાર્ટી માટે હોવાનું અનુમાન છે. દારૂની હેરફેર ન થાય તે માટે પોલીસે રાજ્યની તમામ ચેકપોસ્ટ પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો છે.

નોંધનીય છે કે, આ અગાઉ પણ આવી ઘટનાઓ બની ચૂકી છે. ફરી એક વાર આ પ્રકારની ઘટના સામે આવતા પોલીસ દોડતી થઈ ગઈ છે. અગાઉ ગીર સોમનાથમાં ચૂંટણી સમયે જ સ્ન્છ લખેલી કારમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો હતો. દીવ તરફથી આવતી સ્ન્છ લખેલી કારની તપાસ કરતાં તેમાંથી વિદેશી દારૂ ઝડપાયો હતો.

### અમલ ભારે પડ્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. રાજીનામાને લઈ રાજનીતિ કરાઈ હોવાની ચર્ચા પણ રાજકીય વર્તુળોમાં થઈ રહી છે અને ૪ માસ સુધી તાલુકા પંચાયતના પ્રમુખની જગ્યા ખાલી રાખવા પાછળ રાજનીતિ કેમ કરાઈ તેને લઈ ચર્ચાઓ ગ્રામીણ વિસ્તારમાં ઉગ્રતા સાથે થઈ રહી છે.

જો કે હાલ તો આચારસંહિતાનો અમલ પંચાયત અધિનિયમની જોગવાઈઓ પર ભારે પડ્યાની ચર્ચાઓ ચાલે છે.

### કોઇ અસર નહીં.

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જાળવણી કાર્પોરેશનને સોંપી દેવામાં આવી છે. પરંતુ શહેરના સાત ઉભા અને આડા માર્ગો ની નિભાવણી હજુ માર્ગ મકાન વિભાગ હસ્તક છે. ત્યારે સર્કલોની સુંદરતા નિખારવા માટે તંત્ર કક્ષાએથી અગાઉ જવાબદાર સંસ્થાઓને નોટીસ પણ આપવામાં આવી હતી ગત જાન્યુઆરીમાં વાઈબ્રન્ટ સમિટનુ આયોજન પડતુ મુકાતા સર્કલોની જાળવણીનો મુદ્દો ફરી એકવાર રામભરોસે રહ્યો હતો. તંત્રએ સંસ્થાઓને નોટીસ આપી પરંતુ હજુ સુધી સર્કલોની સુંદરતા નિખારવા માટે વિશેષ કામગીરી થઈ નથી. કોરોના કાળમાં પણ છેલ્લા ત્રણ વર્ષથી સર્કલોની દરકાર લેવામાં આવી નથી. બીજીતરફ નગરના મુખ્યમાર્ગો પર સ્થિત અંદાજિત ૨૬ જેટલા સર્કલોને હવે અલગ થીમ પર નવેસરથી વિકસાવવા જોઈએ તેવો પણ સુર ઉઠવા પામ્યો છે. સ્માર્ટ સીટીની યોજના અન્વયે નગરના મુખ્યમાર્ગો પર સ્થિત સર્કલોને પણ સ્માર્ટ લુક આપવામાં આવે તેવી માંગણી અને લાગણી પણ પ્રબળ બની છે.

### ઉમેદવારને ઓળખો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતી. નવરાતમાં મહીલાઓ અને બાળકો માટે શેરી ગરબાનુ આયોજન કરી સેકટરોના શેરી ગરબાના આયોજકોનુ પણ દરવર્ષે સન્માન કરવાનુ ચુકયા નથી. તેમજ અંબાજી પદયાત્રીઓની પણ તેઓ દર વર્ષે સેવા કરે છે. તેમણે જણાંવ્યુ હતુ કે છેલ્લા સાત વર્ષથી અંબાજી પગપાળા જતા ભાવિકોની સેવા માટે ખાસ કેમ્પનુ પણ આયોજન કરવામાં આવે છે. ધો -૧૨ ના વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શક શિબિરોનુ પણ આયોજન તેમના દ્વારા કરવામાં આવ્યુ છે. આ ઉપરાંત વિવિધ જ્ઞાતિસમાજના સમુહ લગ્નમાં હંમેશા સહાય કરી છે. સરગાસણમાં મુકબધિરો માટે માનવસ્મુતિ સંસ્થા પણ કાર્યરત છે જેમાં પણ ૫૦ જેટલા બાળકોની સારસંભાળ રાખવામાં આવે છે.

તમે ધારાસભ્ય બનશો તો ગાંધીનગર માટે શું કરશો

આમ નાગરિકો મને મત આપી જીત અપાવશે તો હું કર્મચારીઓ માટે જુની પેન્શન યોજના ફરી લાગુ થાય તેવો પ્રયાસ કરીશ. શહેરની સ્થાનિક સમસ્યા નિવારવા માટે કામ કરીશુ. સેકટરોમાં આંતરિક વિસ્તારમાં બસ સેવા નથી જેના લીધે સિનિયર સિટીઝન્સ માટે કપરી સ્થિતિ છે. બસમાં બેસવા શારિરીક અસકત અને મહીલાઓને પણ દુર સુધી લાંબા થવુ પડે છે. સેકટરોમાં યોગ્ય બસ સેવા શરૂ કરવામાં આવે તો અકસ્માત પણ અટકાવી શકાય વિદ્યાર્થીઓને વિના મુલ્યે બસમાં શાળાએ જવાની વ્યવસ્થા આપવાનુ પણ મહત્વનુ છે. જેથી બાળકોની સલામતી જળવાઈ રહે. બાંકડા પર બેસતા સિનિયર સિટીઝન્સ અને મહીલાઓ માટે પણ દરેક સેકટરોના બગીચામાં એક સેન્ટર બનાવામાં આવે ત્યાં તેમને ચ્હા પાણીની વ્યવસ્થા મળી રહે તેવી વ્યવસ્થા પણ ગોઠવવા વિચારણા છે.

જ્ઞાતિવાદને તમે કેટલો અસરકાર માનો છો ..

અગાઉની સરકારોએ જ્ઞાતિવાદ ભડકાવવા સિવાય કોઈ કામ કર્યુ નથી. અમારી પાર્ટીમાં જ્ઞાતિવાદને અવકાશ જ નથી. અમે મુખ્યમંત્રી તરેકી એક ટકા વસતી ધરાવતા સમાજને આગળ કર્યો છે. અન્ય પક્ષો મત લેવા માટે જ્ઞાતિવાદને વળગી રહ્યા છે. આમ આદમી પાર્ટીએ ટીકીટ પણ જ્ઞાતિવાદને ધ્યાને લીધા વિના જ ટીકીટ આપી છે.

### નક્સલી હુમલો

● અનુસંધાન પહેલાનું ચાલુ

લગાવી દીધી હતી. પાઈલિંગ મશીનનો એક ભાગ બળી જવાને કારણે તે હવે રેલ્વે લાઈન તરફ ઝૂકી રહ્યો છે, જેના કારણે રેલ્વે ટ્રાફિકને પણ અસર થવાની આશંકા છે. તેની માહિતી રેલવે વિભાગને આપવામાં આવી છે.

રેલવે કન્સ્ટ્રક્શન સાઈટમાં રોકાયેલા કર્મચારીઓના જણાવ્યા અનુસાર, નક્સલવાદીઓએ બોરિંગ મશીન, જેસીબી, હાઈડ્રા, પોકલેન, વિંચ મશીન, ટ્રેક્ટર, ૩ બાઈક, ડીસી જનરેટર અને ૧૫ કરોડથી વધુની કિંમતના સાધનોને આગ ચાંપી દીધી હતી. તમને જણાવી દઈએ કે ગઈકાલે ઝારખંડના લાતેહાર જિલ્લાના સદર પોલીસ સ્ટેશન વિસ્તારના બેડી જંગલમાં સુરક્ષા દળો અને જેજેએમપી નક્સલવાદીઓ વચ્ચે સર્ચ ઓપરેશન દરમિયાન એક્કાઉન્ટર થયું હતું. આ દરમિયાન સુરક્ષા દળોએ એક્કાઉન્ટરમાં ત્રણ નક્સલવાદીઓને ઠાર કર્યા હતા.આજના નક્સલી હુમલાને આ જ ઘટનાના બદલો તરીકે જોડવામાં આવી રહ્યો છે. આ ઘટનાને લઈને સમગ્ર લાતેહાર જિલ્લામાં સુરક્ષા દળોને હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યા છે. સમગ્ર ઘટના અંગે તપાસ કરવામાં આવી રહી છે.

### નિમણુક માટે

● અનુસંધાન પહેલાનું ચાલુ

સાચું લાગે છે, પરંતુ આવી સ્થિતિમાં મોટો પ્રશ્ન એ છે કે જે ગુણવત્તાને ગંભીર અસર થઈ રહી છે તેનું શું થશે? તેમની કાર્યવાહીની નિષ્પક્ષતા પર પ્રશ્નો ઉભા થાય છે. આ પોસ્ટ સાથે સ્વાયત્તતા પણ સંકળાયેલી છે. એટર્ની જનરલ આર વેંકટરામાણીએ કહ્યું કે, ૧૯૯૧થી ચૂંટણી કમિશનરની નિમણૂકની પ્રક્રિયામાં અમને કોઈ ખામી જોવા મળી નથી. જ્યાં સુધી માહિતી કમિશનરની નિમણૂકનો સંબંધ છે, અંજલિ ભારદ્વાજની અરજી પર સુનાવણી દરમિયાન તેમાં ખામીઓ જોવા મળી હતી. કોર્ટે માહિતી કમિશનરની નિમણૂક પ્રક્રિયા માટે માર્ગદર્શિકા બનાવી હતી. કારણ કે ત્યારે માહિતી કમિશનરની ખાલી જગ્યાઓ અને પેન્ડિંગ અરજીઓનો પણ મામલો હતો. પરંતુ ચૂંટણી પંચમાં એવું કંઈ નથી. સરકાર ટૂંકા કાર્યકાળ માટે પણ શું કરી શકે કારણ કે, આ પદ ફક્ત ૬૫ વર્ષની ઉંમર સુધી ચાલુ રાખી શકાય છે. સરકારે તેની સાથે છેડછાડ કરી નથી. ચૂંટણી કમિશનરોની નિમણૂક કરવામાં આવે છે, ત્યારબાદ વરિષ્ઠતાના આધારે મુખ્ય કમિશનર બનાવવામાં આવે છે.

જસ્ટિસ જોસેફે પૂછ્યું હતું કે, જ્યારે તમે કોઈને ચૂંટણી કમિશનર બનાવો છો, ત્યારે માત્ર સરકાર જ જાણે છે કે કોણ ઝઈઝ બનશે અને કેટલા સમય માટે. જસ્ટિસ અજય રસ્તોગીએ એવી પણ ટીપ્પણી કરી હતી કે. ચૂંટણી કમિશનરની નિમણૂક માત્ર સરકાર જ કરે છે, તે ચીફ કમિશનર બને છે. આવા સંજોગોમાં એવું કેવી રીતે કહી શકાય કે તેઓ સરકાર તરફથી સ્વાયત્ત છે. કારણ કે નિમણૂકની પ્રક્રિયા સ્વાયત્ત નથી. પ્રવેશ સ્તરથી જ સ્વતંત્ર પ્રક્રિયા હોવી જોઈએ.